નાના બાળકોને જિનશાસનના રંગમાં રંગતી

# તુ રંગાઈ જા ને રંગમાં ૪

(રંગપૂરણી ચિત્રવાર્તાઓ)



પૂર્ણાનંદ પ્રકાશન
અમદાવાદ

વ્હાલા બાળકો !

"તુ રંગાઈ જાને રંગમાં" પુસ્તિકાનો ચોથો અંક તમારા હાથમાં આવતાં જ આનંદ થશે. દીવાળીની રજાઓમાં જ્ઞાન સાથે કલાનો વિકાસ કરવામાં સમય ફાળવશો.

દીવાળીમાં રંગોળી અને દીવડાથી ઘરને તો શોભાવશો જ પરંતુ સદ્સંસ્કારની રંગોળી અને સમ્યગ્જ્ઞાનના દીવડાથી અંતરને શોભાવવાનું છે. તે ધ્યાન રાખશો. બાલઅંતરને ઉજાળવા માટે જ આ રંગપૂરણી ચિત્રવાર્તાનું અભિયાન ચાલું કર્યું છે.

ચોથી પુસ્તિકામાં બાળમુનિ દ્વારા તથા તમારા બાળમિત્રો દ્વારા લખાયેલી વાર્તાઓ પણ આપેલી છે. તમો પણ સુંદર મજાની વાર્તા લખીને મોકલી શકો છો.

આ પુસ્તિકા તમારા હાથમાં આવતાં જ પ્રથમવર્ષ પૂર્ણ થશે. પ્રથમવર્ષની ૪ પુસ્તિકાથી તમોને શું લાભ થયો તે જણાવશો. અમોને આનંદ થશે. નવા વર્ષનું લવાજમ ન ભર્યું હોય તો અવશ્ય ભરી દેજો. તમારા મિત્રોને પણ નવા વર્ષના સભ્ય બનવા પ્રેરણા કરશો.

સ્પર્ધા-૪ ના જવાબો તથા ચારે પુસ્તિકાનું એક પ્રશ્નપત્ર છે. તેના જવાબો ભરી તુરત મોકલશો.

તમારા સૌમાં સંસ્કાર અને સમજણનો વિકાસ થાય તે ભાવ સાથે વિરમું છું.

પૂર્ણાનંદ પ્રકાશન

### -: સ્પર્ધા નં. ૩ના સાચા જવાબો :-

(૧) વૈરાગ્યનો એ જાદુ છે. (૨) સોમબ્રાહ્મણ
(૩) નીડરતા, વચનબધ્ધતા, નિર્દોષતા
(૪)ગજસુકુમાલ (૫) અભિમાન
(૬) સનતમુનિ (૭) ઔત્પાતિકી બુધ્ધિ (૮) રાજા

---

### -: સૂચના :-

બાળકો ! જવાબની પસંદગીમાં ચોકસાઇ રાખો નં.૬ ના જવાબમાં ઘણા બાળકોએ સનતકુમાર, સનતકુમાર ચક્રી વિગેરે લખ્યું છે. પરંતુ દીક્ષા પછી કુમાર , ચક્રવર્તી નથી રહેતા 'સનતમુનિ' જવાબ સાચો છે.

### સ્પર્ધા નં. : ૪

બાળકો... અહીં આઠ પ્રશ્નો આપેલા છે તેના જવાબો તમારે નં-૪ની આ પુસ્તિકાના આધારે જ આપવાના છે. નીચેની સૂચનાઓ ધ્યાનમાં રાખવી.

**-: સૂચનો :-**

૧. પુસ્તક શ્રવણના પ્રભાવે ધર્મ કોણ પામ્યા ?
૨. ત્રણ વર્ષના દુષ્કાળનું એંધાણ કોણે કહ્યું
૩. સંપ્રતિ મહારાજ અન્ન પાણી કયારે લેતા ?
૪. મનની એકાગ્રતા અને કર્મ નિર્જરા માટે આરાધના કઇ ?
૫. આહારનો કોળીયો હાથમાં છતાં કેવલજ્ઞાન કોને થયું ?
૬. તેજપાલે ધનદત્ત પાસેથી કેટલી સોનામહોર લીધી ?
૭. અધમવ્યક્તિને કેવી રીતે સુધારી શકાય ?
૮. ગુણસારને ધન કોના પ્રભાવે મળ્યું ?

**-: સૂચનો :-**

૧. જવાબો માત્ર પોસ્ટકાર્ડમાં જ લખવા તે સિવાય જવાબો માન્ય નહીં ગણાય
૨. જવાબો માત્ર એક શબ્દમાં જ લખવાના છે.
૩. પોષ્ટકાર્ડમાં તમારું નામ, પૂરું સરનામું તથા સભ્ય નંબર અવશ્ય લખવો.
૪. સંપૂર્ણ સાચા જવાબ આપનારમાંથી પાંચ લકી વિજેતા નંબર આપવામાં આવશે. જે લકી વિજેતાનું નામ અગામી પુસ્તકમાં છાપવામાં આવશે. તે ઈનામપાત્ર બનશે.
૫. જવાબો મોકલાવવાની છેલ્લી તા.૩૦-૧૧-૨૦૦૮ રહેશે.

**-: જવાબ મોકલવાનું સરનામું :-**
**પૂર્ણાનંદ પ્રકાશન, અમદાવાદ.**
**C/o. પ્રદિપભાઇ એસ. શાહ**
**કે/3, વિવેકાનંદ ફ્લેટ્સ, જોધપુર ચાર રસ્તા,**
**સેટેલાઇટ રોડ, અમદાવાદ-૧૫. (મો.) ૯૮૨૪૨ ૫૪૪૯૯**

### -: લકી વિજેતા :-

૧. હર્ષિલ રાજેશભાઇ ગુઢકા - જામનગર
૨. કલશ અભયભાઇ શાહ - નવસારી
૩. અમર દેવેન્દ્રભાઇ ઝવેરી - વડોદરા
૪. કશીષ પ્રકાશભાઇ દોશી - સુરત
૫. મીત ધરણેન્દ્રભાઇ શાહ - અમદાવાદ.

પાંચે લકી વિજેતાઓને ઈનામતેઓના સરનામે મોકલાવીશું

નાના બાળકોને જિનશાસનના રંગમાં રંગતું..

# તું રંગાઈ જાને રંગમાં

## (રંગપૂરણી ચિત્રવાર્તાઓ)

વર્ષ : ૧ | અંક : ૪ | સળંગ અંક : ૪

નાનાં બાળકોને જિનશાસનના ચમકતા સિતારાઓનો પરિચય કરાવતી આ રંગપૂરણી ચિત્રવાર્તાઓ બાળકમાં રહેલી કલાની વૃત્તિને જાગ્રત કરી બાળકને ધર્મના રંગે પણ રંગશે. બાળક પોતાની મન પસંદગીના રંગો ભરી ઘડી બે ઘડી માટે આ મહાપુરુષોના જીવનમાં ડૂબી જશે તથા રંગો ને કલા અંગેની સૂઝમાં પણ પ્રગતિ કરી શકશે.

: પ્રેરણા - માર્ગદર્શક :

પૂ. આચાર્યદેવશ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન

**પૂજ્ય પંન્યાસ શ્રી નયનચંદ્રસાગરજી મ.સા. (ગણિવર્ય)**

માનદ્ ચિત્રકાર : **પુષ્પેન્દ્ર શાહ**

: પ્રકાશક :

**પૂર્ણાનંદ પ્રકાશન, અમદાવાદ.**

C/o. પ્રદિપભાઇ એસ. શાહ

કે/૩, વિવેકાનંદ ફ્લેટ્સ, જોધપુર ચાર રસ્તા, સેટેલાઇટ રોડ,

અમદાવાદ-૧૫. (મો.) ૯૮૨૪૨ ૫૪૪૯૯



૧. ચોરને મળ્યું અભયદાન અને ધન

# ચોરને મળ્યું અભયદાન અને ધન

લે. : બાલમુનિ અભિનંદન ચંદ્રસાગર

બાળકો ! રંગાઈ જા ને રંગમાં ૩જા પુસ્તકમાં કેરી ચોરની વાર્તા વાંચી હતી તેને યાદ કરો ! ચોર પકડાઈ ગયો... શ્રેણિક રાજાને સોંપ્યો... શ્રેણિક મહારાજા ચોરને શું શિક્ષા કરે છે અને તેને અભયકુમાર કેવી રીતે છોડાવે છે તે માટે વાંચો આ વાર્તા.

શ્રેણિક મહારાજાના પુત્ર અને રાજગૃહીના મહામંત્રી અભયકુમારે ઔત્પાતિકી બુદ્ધિ વડે ચોરને શોધી લીધો અને મહારાજા શ્રેણિકને સોંપ્યો. મહારાજા ચોરને જોતાં જ અત્યંત ક્રોધાવેશમાં આવી ગયા. કારણ કે કેરીના ઝાડને ચંડાળનો હાથ લાગવાથી છએ ઋતુનાં જયાં ફળ-ફૂલ ખીલતાં હતાં એ રાજબગીચામાંથી ધીરે ધીરે દેવનો પ્રભાવ ઘટવા માંડ્યો હતો. પોતાની આગવી અને અલૌકિક વસ્તુ ક્ષીણ થવા લાગી તેથી રાજાએ ચંડાળ ચોરને શૂળીએ ચડાવવા સેવકોને હુકમ આપ્યો. **મૃત્યુનો ડર સૌ કોઈને હોય છે** તેથી ચંડાળ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. તેણે રાજાને સજા માફ કરવા ઘણી આજીજી કરી પણ રાજા એકના બે થયા નહીં. તેથી તે અભયકુમાર પાસે ગયો અને બચાવવા માટે અત્યંત આજીજી કરી. તેણે કહ્યું કે મને રાજાની સજામાંથી મુક્ત થવા ઉપાય બતાવો. આવી અનેકવાર આજીજી કરવાથી દયાર્દ્ર અભયકુમારે વિચાર્યું કે **શરણે આવેલાનું રક્ષણ કરવું તે ક્ષત્રિયનો ધર્મ છે** અને હું ક્ષત્રિયકુળમાં ઉત્પન્ન થયો છું. પછી ભલે શરણે આવેલી વ્યક્તિ અધમમાં અધમ હોય. **અધમ વ્યક્તિને પણ તક આપવાથી સુધારી શકાય છે.** એમ વિચારી અભયકુમારે કહ્યું કે "એક રસ્તો છે. તું તારી આ આકર્ષણી વિદ્યા મહારાજાને આપે તો તું આ દુઃખમાંથી મુક્ત થઈ શકે." ચંડાળે પોતાના પ્રાણ બચાવવા વિદ્યા આપવાની "હા" પાડી. ચોરને ફાંસીની સજા માટે લઈ જતા હતા ત્યારે અભયકુમારે મહારાજાને કહ્યું કે "હે પિતાજી ! આ ચંડાળની પાસે આકર્ષણી વિદ્યા છે તે તેના મૃત્યુ સાથે નાશ પામશે. તે આપ શીખી લો તો આપને ઘણી કામ લાગશે પછી ચંડાળને ફાંસીએ ચડાવજો હાલ, ઉતાવળ શી છે ?" આ વાત રાજાને ગમી ગઈ ને તેને ચંડાળને કહ્યું કે "તું મને તારી વિદ્યા શિખવાડ". ચંડાળે કહ્યું, "મારી વિદ્યા યાદ રાખતાં જ સિદ્ધ થઈ જશે." આ સાંભળી રાજા ખુશ થઈ ગયો. કારણ કે આ વિદ્યાથી તો ઘણા રાજા મહારાજાઓને જીતી શકાશે. ચંડાળ રાજાને મંત્ર શિખવાડે છે. પણ મહારાજાને યાદ રહેતો નથી. ઘણીવાર બોલવા છતાં મહારાજા ભૂલી જાય છે. તે રાજાએ ચંડાળને કહ્યું કે "ચંડાળ ! તું નાલાયક છે. મને સરખી રીતે વિદ્યા શીખવાડતો નથી."

ત્યાં જ અભયકુમાર બોલ્યા, પિતાજી ! "એમ તો આપ સો વાર સાંભળશો તો પણ નહીં આવડે, કારણ કે **'વિનય વિના વિદ્યા મળતી નથી, વિદ્યા વિનયથી શોભે છે'** આપ સોનાના સિંહાસન પર બેઠા છો અને વિદ્યા આપનાર આપની સામે ઊભો છે તો વિદ્યા કેવી રીતે આવડે ? **"વિદ્યાદાતાને સિંહાસન પર બેસાડો અને આપ એમની સામે બે હાથ જોડીને ઊભા રહો તો વિદ્યા જલદી આવડી જશે."** રાજા બે હાથ જોડી ઊભા રહ્યા અને ચંડાળને સિંહાસન પર બેસાડ્યો એટલે વિદ્યા આવડી ગઈ. જોયો વિદ્યાનો ચમત્કાર !


વિદ્યા આવડી ગઈ એટલે રાજાએ કહ્યું કે "હવે આને ફાંસીએ ચડાવી દ્યો". ત્યાં અભયકુમાર બોલ્યા, "ચોરે તો આપને વિદ્યા આપી તેથી તો તે આપના વિદ્યાગુરૂ કહેવાય. **ગુરૂને સજા ન અપાય, પણ દક્ષિણા અપાય.** તેને દક્ષિણામાં અભયદાન આપો." રાજાએ ચંડાળને ઘણું ધન આપી મુક્ત કર્યો.

બાળકો : **૧. અભયકુમાર બુદ્ધિનો ઉપયોગ સમસ્યાના સમાધાન માટે તથા બીજાની આપત્તિ-દુઃખને દૂર કરવામાં વાપરતા હતા તો તમો પણ તમારી બુદ્ધિ શક્તિથી બીજાનાં દુઃખો દૂર કરશો.**

**૨. ગુરૂનો વિનય કરીએ તો ભણવાનું જલદી આવડે... મહેનત ઓછી કરવી પડે... ઓછી મહેનતે હોશિયાર થવું હોય તો ગુરૂ, વડીલોનો વિનય કરજો...**

**૩. જેણે આપણું કામ કર્યું હોય તેનો ઉપકાર ન ભુલાય.**

**૪. અભયકુમારે ચોરને પકડ્યો પણ ખરો અને છોડાવ્યો પણ ... છે ને બુદ્ધિ... !**



૨. જૈન માતા દુઃખી ક્યારે ?

# જૈન માતા દુઃખી ક્યારે ?

અવંતી નગરીમાં સંપ્રતિ મહારાજાનો રાજાશાહી વિજય પ્રવેશ થઈ રહ્યો છે. સંપ્રતિ મહારાજા પૃથ્વીના ત્રણખંડનો વિજય કરીને ૧૬ હજાર રાજાઓના પરિવાર સહિત પોતાના નગરમાં આવ્યા છે. આખું નગર ઉત્સાહમાં છે, આનંદમાં છે, ઘેર ઘેર તોરણીયા બાંધ્યા છે, દીવા પ્રગટાવ્યા છે, ને સહુ કોઈ વધાવી રહ્યું છે. પ્રવેશ પ્રસંગ પરિપૂર્ણ થયા બાદ ૧૬ હજાર રાજાઓની સાથે મહારાજા રાજમહેલમાં જાય છે. મહારાજા માતાનાં ચરણોમાં પડે છે. **જેનાં ચરણોમાં આખી દુનિયા ઝૂકે છે તે મહારાજા માનાં ચરણોમાં પડે છે. સંપ્રતિ મહારાજા હોવા છતાં સમજે છે કે દુનિયામાં સૌથી મોટી "મા" છે. પૂજ્ય છે.** સંપ્રતિ મહારાજા માનાં ચરણોમાં પડે છે ત્યારે માતાનું મુખ શ્યામ થઈ ગયું. તે જોઈ રાજા આશ્ચર્ય પામ્યો. આખું નગર ખુશખુશાલ છે. મા કેમ દુઃખી ઉદાસી છે ? **માનું દુઃખ દીકરો શેં સહન કરે ?**

રાજાએ પૂછયું, " હે માતા ! હું ઘણા દેશ જીતીને આવ્યો છું. છતાં તમે હર્ષ કેમ પામ્યાં નહિ. મા, મોં ઉપર ઉદાસી કેમ છે ?" માતા બોલી, "હે પુત્ર ! હું શ્રાવિકા છું. જૈન માતા છું. **દીકરાનો સંસાર અને ભવભ્રમણનાં દુઃખો વધે તેમાં જૈન માતાને હર્ષ ન થાય !** દુઃખ થાય, દીકરાને પાપપ્રવૃત્તિ કરતો જોઈ, અપાર દુઃખ થાય બેટા ! જન્મ તો પશુ પંખી પણ આપે છે. **જન્મ આપ્યા પછી સિદ્ધિ કે સદ્‌ગતિ અપાવે તે જૈન "મા" કહેવાય ! બેટા, કર્મો તોડવાની કે પુણ્યાનુબધી પુણ્યબંધની પ્રવૃત્તિ થાય તો તારી "મા" ખુશ થાય.** જિનચૈત્ય વગેરે પુણ્યકર્મ કરીને આવે તો હર્ષ થાય. રાજ્યના લોભથી સંસાર જ વધારે અને મસ્તક ઉપર પાપના વ્યાપારનો બોજો ઉપાડીને આવ્યો છે, તેમાં હર્ષનો અવસર જ કયાં છે ? જિનચૈત્ય વગેરે કરાવ તો હૈયે હરખ આવે... બેટા... !!!

"જિનપ્રસાદમાં વપરાયેલ કાષ્ઠ-પથ્થર વગેરેમાં જેટલા પરમાણુ હોય તેટલા લાખ વર્ષ સુધી સ્વર્ગમાં સુખ મળે છે. નવા પ્રાસાદમાં જે પુણ્ય થાય તેથી આઠ ગણું પુણ્ય જીર્ણોદ્ધારમાં થાય છે. પાપક્રિયાનાં સ્થાનો કરતાં ધર્મક્રિયાનાં સ્થાનો કરવાં તે જ શ્રેયસ્કર છે".

માની વાત સાંભળી સંપ્રતિ મહારાજાએ નિત નવાં દેરાસરો કરાવવા માંડ્યાં, પ્રતિદિન એક નવા જિનાલય ઉપર કળશ ચડેલો સાંભળે પછી જ અન્ન પાણી લેવાનો નિયમ કર્યો. પ્રતિષ્ઠાના સમાચાર આવતાં જ મા હરખભેર દીકરાને તીલક કરે પછી સંપ્રતિ આહાર પાણી કરે.

એકવાર ગુરુ મહારાજના મુખેથી પોતાનું ૧૦૦ વર્ષનું આયુષ્ય સાંભળ્યું. એક વર્ષના ૩૬૦ દીવસ તેથી ૧૦૦ વર્ષના ૩૬ હજાર દિવસો થયા, તે પ્રમાણે ૩૬ હજાર દેરાસર નવાં કરાવ્યાં, નેવ્યાસી (૮૯) હજાર દેરાસરના જીર્ણોદ્ધાર કરાવ્યા. સવાલાખ જિનચૈત્યો કરાવ્યાં અને સવાક્રોડ જિનબિંબ-પ્રતિમા કરાવી.

એક જૈન માની ટકોર માત્રથી જિનશાસનની કેવી જાહેજલાલી ફેલાવી ! પૂર્વભવમાં પોતે ભિખારી હતો. કોઈ ખાવા આપતું ન હતું. ખાવા માટે આર્યસુહસ્તિસૂરિ મ. પાસે દીક્ષા લીધી. ૧ દિવસનું સંયમ પાળી સંયમ ધર્મની અનુમોદના કરતાં કરતાં કાળધર્મ મૃત્યુ પામ્યા અને સંપ્રતિ મહારાજા બન્યા.


આર્યસુહસ્તિસૂરિ મ.ને એકવાર જોતાં જ જાતિસ્મરણ જ્ઞાન થયું. ગુરુ મ.ની વાણીના પ્રભાવે ગુરૂ મ. પાસે સંપ્રતિ મહારાજાએ દેશવિરતિ ધર્મ ( શ્રાવક ધર્મનાં પચ્ચક્ખાણ લીધાં) જીવનમાં જૈન ધર્મનો ખૂબ પ્રભાવ વધાર્યો. આજે પણ અનેક ગામોમાં સંપ્રતિ મહારાજાની ભરાયેલી પ્રાચીન પ્રતિમાઓ હોય છે. તેનાં દર્શન કરતાં આ કથાને યાદ કરશો. "મને પણ આવી મા મળે તેવી ભાવના ભાવશો."

બાળકો : **૧. રાજા જેવો રાજા પણ માનાં ચરણોમાં પડે છે. તમો માનાં (મમ્મીના) ચરણોમાં નમો છોને ?**

**૨. માનું દુઃખ દીકરો જોઈ ન શકે. દુઃખ દૂર કરીને શાંત થાય. ૩. મા (મમ્મી) કહે તે બધુ જ દીકરો કરે...**

**૪. દેરાસર અને પ્રતિમા બનાવી સંપ્રતિ રાજા અમર થઈ ગયા....**

**તેટલી પ્રતિમાના તમે દર્શન તો કરશોને ?**



૩. શાલીભદ્રની સાહ્યબી

# શાલીભદ્રની સાહ્યબી

શાલીભદ્રનું નામ તો સહુ કોઈએ સાંભળ્યું હશે. **અતિ પુણ્યશાળીઓને ધન કમાવવું પડતું નથી. પુણ્યના પ્રભાવે તેમને તો સંપત્તિ વૈભવ તેમના પગમાં આળોટતાં હોય છે.** આવા જ પ્રકૃષ્ટ પુણ્યશાળી શાલીભદ્ર હતા. તેમનો જન્મ રાજગૃહી નગરીમાં ગોભદ્ર શેઠ અને ભદ્રા શેઠાણીને ત્યાં થયો હતો. ગોભદ્ર શેઠ રાજગૃહીના કોટ્યાધિપતિ શેઠ હતા.

શાલીભદ્ર માતાની કુક્ષિમાં હતા ત્યારે ભદ્રામાતાએ સ્વપ્ન જોયું. આખું ખેતર સુંદર શાલી (ડાંગર)નું ભરેલું છે. આ સ્વપ્ન જોતાં જ ભદ્રામાતા પ્રસન્ન થયાં. પુત્રનો જન્મ થયો ત્યારે સ્વપ્નને અનુસરી શેઠે તેનું નામ શાલીભદ્ર રાખ્યું.

શાલીભદ્ર યુવા અવસ્થાને પામ્યા ત્યારે માતા-પિતાએ બત્રીસ કન્યાઓ સાથે લગ્ન કરાવ્યાં. કન્યાઓ પણ રૂપવાન-ગુણવાન-સંસ્કારી હતી. પોતાના પતિનો (શાલીભદ્રનો) પડ્યો બોલ ઝીલી લેતી. કોઈ વચન ઉથાપે નહિ.

ગોભદ્ર શેઠે ક્રોડો રૂપિયાની સંપત્તિથી ભરપૂર ઘર શાલીભદ્રને સોંપી પોતે દીક્ષા લીધી. થોડા જ દિવસમાં સંયમની સુંદર આરાધના કરી કાળ કરી મહધી દેવ તરીકે ઉત્પન્ન થયા.

શાલીભદ્રના પુણ્યોદયે અને ગોભદ્ર દેવને દીકરા પ્રત્યેના રાગભાવને કારણે વિચાર આવે છે, 'ધન-વૈભવથી ઘર ભરેલું હોવા છતાં મારા દીકરા શાલીભદ્રને મનુષ્ય જીવનમાં દેવ જેવું સુખ કેમ ન આપું !'

આ વિચારના પ્રભાવે.... ગોભદ્ર દેવ...દેવલોકમાંથી ભોગસુખની સામગ્રી મોકલવા લાગ્યા. ૧ શાલીભદ્ર અને ૩૨ તેની પત્નીઓ એમ ૩૩ વ્યક્તિ માટે ૩/૩ જાતની વસ્તુઓની પેટીઓ મોકલે. ૧ પેટીમાં સુંદર મખમલ અને મલમલનાં દૈવી વસ્ત્રો, ૧ પેટીમાં સુવર્ણ અને રત્નમય દૈવી આભૂષણો, અને ૧ પેટીમાં અમૃતરસને યાદ કરાવે તેવા મીઠા મધુરા મીઠાઈ આદિ દૈવી ભોજન સામગ્રી એમ તેત્રીસ વ્યક્તિ માટે ૩/૩ પેટી ગણતાં ૯૯ પેટીઓ દેવલોકમાંથી રોજ મોકલતા.

શાલીભદ્ર અને ૩૨ પત્નીઓ તેનો ઉપયોગ કરે. આજનાં વસ્ત્રો કાલે નહિ. આજનાં ઘરેણાં કાલે નહીં. નિત નવાં વસ્ત્ર, નિત નવાં ઘરેણાં, નિત નવાં ભોજન. આવો વૈભવ શાલીભદ્રનો હતો. ઊતરેલાં ઘરેણાં અને વસ્ત્રો નાખવા માટે બે કૂવા રાખ્યા, જે ઊતરે તે તેમાં નાખી દેખાય.

ગોભદ્ર શેઠ ૯૯ પેટીઓ મોકલતા હતા તેનું રહસ્ય શાસ્ત્રમાં જણાવેલું છે


રાજસ્થાનમાં જયપુર નગરમાં ધનદત્ત નામે શ્રાવક હતો. તે વેપાર કરતો હતો. ત્યાંથી ૫૦/૬૦ માઈલ દૂર નાના ગામડામાં તેજપાલ નામે શ્રાવક ખેતીવાડી કરતો હતો. બન્નેને વેપારી સંબંધ હતો. તેજપાલને યાત્રા કરવાનો ભાવ થયો. તેથી પરિવાર સાથે સિદ્ધાચલ, ગિરનાર, આબુ, સમેતશિખરની યાત્રા કરવા નીકળ્યા. રસ્તામાં ભૂલા પડ્યા હતા. સાથે લીધેલા પૈસા ખર્ચાઈ ગયા હતા. સમેતશિખર જતાં રસ્તામાં જયપુર આવ્યું. ધનદત્ત શ્રાવકને યાત્રાના સમાચાર મળ્યા. તેજપાલના પરિવારને પોતાના ઘરે બોલાવી ભક્તિ કરી બહુમાનપૂર્વક જમાડ્યા અને પહેરામણી કરી.

તેજપાલની પાસે વાટ (પૈસા) ખર્ચાઈ ગયા હોવાથી ધનદત્ત પાસેથી ૧૧૫૩૫ સોનામહોર પોતાના નામે લખાવીને લીધા અને શિખરજી તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં તેજપાલનું મૃત્યુ થયું. તીર્થયાત્રા કરવાના શુભ ભાવથી તે ગોભદ્ર શેઠ થયા. ધનદત્ત ગમે તે કોઈ અંતરાયકર્મથી સંગમ થયો, પરંતુ પૂર્વભવના સંસ્કારથી વહોરાવતાં ભાવોલ્લાસ પ્રગટ થયો અને શાલીભદ્ર બન્યો. **કરેલો ધર્મ ક્યારેય નિષ્ફળ જતો નથી નિમિત્ત મળતાં સંસ્કાર ઉભરાય છે.**

તેજપાલના ભવમાં થયેલો ઋણાનુબંધ ગોભદ્ર દેવના ભવમાં ૯૯ પેટી મોકલી મુક્ત બને છે.

**બાળકો : ૧. પુણ્ય હશે તો મહેનત વિના પણ ધન,સંપત્તિ વૈભવ સામેથી આવીને મળશે.**

**૨. કોઈના પણ પૈસા લીધા પછી આપ્યા નહીં કે આપવાના રહી ગયા તો ભવાન્તરમાં ચૂકવવા પડે છે.**



૪. પ્રભુને ઉપસર્ગનો પ્રારંભ

# પ્રભુને ઉપસર્ગનો પ્રારંભ

પરમાત્મા મહાવીરપ્રભુએ દીક્ષા લીધા બાદ સાડાબાર વર્ષ સુધી ઘોર તપશ્ચર્યા કરી. **સહન કરવાથી જ સાધના અને સિદ્ધિ થશે તેવો સંકલ્પ પ્રભુને હતો.** આથી અનેક ઉપસર્ગોને સહન કર્યા.

તે પૈકીનો સર્વપ્રથમ આ પ્રસંગ છે. દીક્ષા પછી પ્રથમ દિવસે જ પ્રભુ વિહાર કરતાં કરતાં સાંજે સૂર્યાસ્તને બે ઘડી (૪૮ મિનિટ) બાકી રહેતાં પ્રભુ કુમાર નામના ગામે પહોંચે છે અને રાત્રે ત્યાં કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિર રહે છે. **મનની એકાગ્રતા અને કર્મની નિર્જરા માટે કાઉસગ્ગ એ ઉત્તમ આરાધના છે.**

પ્રભુ કાઉસગ્ગ ધ્યાનમાં ઊભા હતા ત્યાં એક ગોવાળીયો આવ્યો. તેણે આખો દિવસ બળદીયા પાસે કામ કરાવ્યું હતું. તે બે બળદોને પ્રભુ પાસે મૂકી ગોવાળીયો ઘરે ગાયો દોહવા માટે ગયો. બળદીયા તો જંગલમાં દૂર ચાલ્યા ગયા. ગોવાળીયો ગાયો દોહીને ઘરેથી પાછો આવ્યો ત્યારે બળદીયા ન દેખાયા. એ સજ્જનતા સાથે ગોવાળે પ્રભુને પૂછ્યું કે હે આર્ય ! મારા બે બળદો ક્યાં છે ? કાઉસગ્ગમાં રહેલા પ્રભુ કંઈ જ બોલ્યા નહીં. તેથી ગોવાળીયાએ વિચાર્યું કે "બળદીયા સંબંધી આ કાંઈ જાણતા નથી." પછી ગોવાળીયો બળદીયાની શોધ કરવા આખી રાત જંગલમાં ભટક્યો છતાં બળદો મળ્યા નહિ.

બળદીયા આખી રાત ચરીને ફરતાં-ફરતાં પોતાની મેળે જ પ્રભુની પાસે આવ્યા અને સ્વસ્થચિત્તે વાગોળતા પ્રભુ પાસે બેઠા. સવારે પેલો ગોવાળીયો પણ ભટકી ત્યાં આવ્યો અને બળદોને જોઈ તેણે વિચાર્યું કે "અરે ! મારા બળદો ક્યાં છે તે આને ખબર હતી તો પણ મને નકામો ભટકાવ્યો, આને જ બળદો સંતાડી મને હેરાન કર્યો છે" એમ ક્રોધ કરતો લાલ-પીળો થઈ ગયો. ક્રોધાવેશમાં પોતાની પાસે રહેલી બળદની રાશ (જાડુ દોરડું) ઉપાડી પ્રભુને મારવા દોડ્યો.

પ્રભુ તો કાઉસગ્ગ ધ્યાનમાં છે. કોણ આવ્યું અને કોણ ગયું ? ગોવાળીયાએ શું કહ્યું, અને શું કરે છે ? તે તરફ પ્રભુનું ધ્યાન જ નથી. **તે તો પોતાના આત્મધ્યાનમાં લીન છે.** ગોવાળીયો મારવા આવ્યો છે. રાશ ઉગામી છે તે પણ પ્રભુને ખબર નથી અને કદાચ ખબર હોય તો પણ સામનો તો ન જ કરત. ગોવાળીયાને અટકાવત નહિ.


પ્રભુ તો... એક જ વાત સમજે છે કે **"કર્મને તોડવા છે, પ્રભુતાને પામવું છે, સંસારની કેદમાંથી છૂટી સિદ્ધિ સ્થાન મેળવવું છે." હા, ત્યાં જન્મ નહીં, મરણ નહીં, કોઈ દુઃખનું નામ નહિ. કોઈ ઈચ્છા નહિ. માત્ર આત્માનું શુદ્ધ સુખ, સુખ ને સુખ.**

પણ તે સુખ કર્મ તોડવાથી આવે, **કર્મ તોડવા તપ કરવું પડે અને સમતા રાખવી પડે.** પ્રભુએ તો ઉપસર્ગોમાં પણ ક્ષમા આપી અને સમતામતા રાખી છે.

ગોવાળીયો દોરડું લઈ મારવા આવે છે. બરોબર તે જ સમયે પ્રથમ દેવલોકના ઈન્દ્રને વિચાર થયો કે "પ્રભુ પ્રથમ દિવસે શું કરે છે તે જોઉં એમ વિચારી અવધિજ્ઞાન વડે જુએ છે. પ્રભુને માર મારવા તૈયાર થયેલા ગોવાળીયાને જોયો. ઈન્દ્રે તે જાણી તુરત જ ગોવાળીયાને થંભાવી દીધો. તુરત ત્યાં આવી ગોવાળીયાને વાળ્યો. અણસમજે આવું વર્તન કરવા બદલ શિક્ષા કરી. સિદ્ધાર્થ વ્યંતરને ત્યાં મૂકી ઈન્દ્ર પોતાના સ્થાને ગયો. પ્રભુ પણ વિહાર કરી ગયા.

બાળકો : ૧. **પ્રભુ પાસે સામનો કરવાની શક્તિ હતી છતાં સહન જ કર્યું છે, તમે પણ સહન કરતાં શીખશો.**

૨. ગોવાળે મનોકલ્પના કરી કે "પ્રભુએ બળદો સંતાડીને મને હેરાન કર્યો". **ખોટી મનોકલ્પનાથી અનર્થો થાય છે. આપણે પણ ખોટી કલ્પનાઓ કરવાનું બંધ કરીએ તો જીવન સુધરી જશે.**



૫. ખાતાં ખાતાં કેવલજ્ઞાન

# ખાતાં ખાતાં કેવલજ્ઞાન

મુનિનું નામ તો નાગદત્ત મુનિ હતું. પરંતુ તેમને કુરગડુ મુનિ કહીને સહુ મજાક કરતા. કુર=ભાત, ગડુ=ગાડવો, માટલું, ક્ષુધાવેદનીય કર્મના તીવ્ર ઉદયથી તેમને ભૂખ બહુ લાગતી. પોતે તિર્યંચના ભવમાંથી આવેલા. પૂર્વના ભવમાં સર્પ હતા. કુંભરાજાની રાણીને કુખે અવતર્યા તે સમયે નાગદેવતાએ સ્વપ્ન આપેલ તેથી નાગદત્તકુમાર નામ રાખેલ.. યુવા અવસ્થામાં રાજમહેલના ગોખમાં બેઠેલા ત્યારે કોઈક મુનિને જોઈ આત્મચિંતન કરતાં વૈરાગ્ય પામ્યા. માતા-પિતાની રજા લઈ દીક્ષા લીધી... નાગદત્તમુનિ બન્યા.

ભૂખ બહુ લાગતી હોવાના કારણે પર્વના દિવસોમાં પણ નાનો મોટો તપ કરી શકતા નહીં. તેથી જ્ઞાની ગુરુએ તેને કહેલ, **“હે વત્સ ! તું એક માત્ર ક્ષમાનું જ પરિપૂર્ણ પાલન કર, તેનાથી તું સર્વતપનું ફળ પામીશ.”** મુનિને પણ ખાવા-પીવાની લાલસા ન હતી. માત્ર ભૂખને સંતોષવાની હતી તેથી માલ-મિષ્ટાન છોડી સ્વાદ વગરના તુચ્છ ગણાતા માત્ર ભાત લાવી આહાર કરતા. સવારે પડે તે ઘડો ભરીને ભાત (કુર) લાવીને વાપરતા ત્યારે જ કાંઈ શાંતિ થતી હતી... તેથી લોકમાં કુરગડુ નામ પડેલું.

તે ગચ્છમાં ચાર તપસ્વી હતા. એક સાધુ મહિનાના ઉપવાસી હતા. બીજા સાધુ બે મહિનાના ઉપવાસી હતા. ત્રીજા સાધુ ત્રણ મહિનાના ઉપવાસી હતા. ચોથા સાધુ ૪ મહિનાના ઉપવાસી હતા. આ તપસ્વી સાધુ કુરગડુની રોજ નિંદા કરતા હતા. કુરગડુ મુનિ રોજ તપસ્વી સાધુઓની અનુમોદના અને ખડે પગે સેવા કરતા.


એકવાર સંવત્સરી મહાપર્વના દિવસે પોતાની તીવ્ર ક્ષુધા સંતોષવા માટે મુનિ ગોચરીમાં માત્ર ભાત વહોરીને લાવ્યા છે. ગોચરી લાવ્યા પછી સાધુની સામાચારી (પદ્ધતિ) છે કે ગુરુને બતાવી બીજા સાધુઓને ઉપવાસ હોય તો પણ વિનંતી કરવી, તે પ્રમાણે કુરગડુ મુનિ ગોચરી ગુરુ મ.ને બતાવી પેલા તપસ્વીઓને વિનંતી કરી, “આપને કાંઈ ઇચ્છા હોય તો વાપરો, મને થોડો લાભ આપો” આ શબ્દો કાને પડતાં તપસ્વી સાધુઓ ક્રોધે ભરાયા અને કહેવા લાગ્યા કે “આવા મહાપર્વના દિવસે પણ તમે ભોજન કરો છો.... તમે તિરસ્કારપાત્ર તો છો જ પરંતુ બીજાને વાપરવાનું કહો છો તેથી તો અતિધિક્કાર પાત્ર છો”. એમ બોલી - મુનિ ઓએ આહારના પાત્રમાં બળખા-થૂંક વગેરે નાખ્યું.

**કુરગડુમુનિ બળખા થૂંકને ઘી માની શાંતચિત્તે વાપરતાં વાપરતાં વિચારે છે, “હું કેવો પ્રમાદી અભાગીયો છું કે પર્વના દિવસોમાં પણ તપ નથી જ કરી શકતો,** જે તપસ્વી છે તેની સેવા વૈયાવચ્ચ કરવી જોઈએ તેના બદલે એમના ચિત્તમાં ક્રોધ જગાડનાર બન્યો. સાધુ બની મેં કેવી કેટલી ભૂલો કરી છે !”

આમ દુગંછારહિતપણે આહાર વાપરતાં અને આત્મનિંદા કરતાં કરતાં શુકલ ધ્યાનમાં ચઢી કુરગડુમુનિ ત્યાં જ કેવલજ્ઞાન પામ્યા. દેવોએ તેનો મહિમા કર્યો. તે જોઈને પેલા ચારે તપસ્વીઓ વિચારવા લાગ્યા, ખરેખર આ મુનિ જ ભાવ તપસ્વી છે, આપણે તો ઉપવાસ કરીને પણ દ્રવ્યતપસ્વી છીએ. આપણે તેમની વિરાધના કરી, એમ વિચારતાં કુરગડુ કેવલીને ખમાવે છે. મન-વચન-કાયાની શુદ્ધિથી ખમાવતાં તે ચારેને પણ સમકાળે કેવલજ્ઞાન પ્રગટ થયું. અનુક્રમે પાંચે કેવળી મોક્ષે ગયા.

બાળકો : ૧. **અનુમોદના તે ધર્મ છે. તિરસ્કાર તે અધર્મ છે. કોઈનો પણ તિરસ્કાર, નફરત કે નિંદા ન કરતા.**

૨. **જે ધર્મ (તપ-અભ્યાસ આરાધના) આપણે ન કરી શકતા હોઈએ અને બીજા કરતા હોય તેમની સેવા કરવી, અનુમોદના કરવી.** ૩. **ક્ષમા ધર્મ મહાન ધર્મ છે. દરેક જીવને ક્ષમા આપો.**



૬. બળદોનો ધર્મ

# બળદોનો ધર્મ

મથુરા નગરીમાં જિનદાસ નામના શેઠ હતા. તેમને સાધુદાસી નામની પત્ની હતી. જિનદાસ શેઠ પરમ શ્રાવક હતા. ઓછો પરિગ્રહ (સંગ્રહ) રાખી સાદું જીવન જીવતા હતા. શ્રાવકનાં બારવ્રતોમાં પાંચમું વ્રત છે પરિગ્રહ પરિમાણ વ્રત. **"હિન્દુ સંસ્કૃતિમાં ઢોરને પણ ધન કહેવાય છે."** તેથી તેમને અનેક વસ્તુના ત્યાગ સાથે ઢોરને પણ રાખવાનો ત્યાગ કર્યો હતો. તેમને ત્યાગ સાથે ધર્મમય જીવન બનાવ્યું હતું.

તેઓ એક ભરવાડણ જોડેથી રોજ દૂધ લેતા. સાધુદાસી તેને પૈસા રોજ આપતી. રોજબરોજ મળવાના કારણે સાધુદાસી અને ભરવાડને ગાઢ પ્રીતિ (મિત્રતા) થઈ. એકવાર આહીરને ઘરે વિવાહનો પ્રસંગ આવ્યો. ભરવાડણે શેઠ શેઠાણીને નિમંત્રણ આપ્યું. તેઓએ કહ્યું, "બેન ! અમોએ ધર્મમાં જીવ પરોવ્યો છે તેથી લગ્નમાં આવી શકીશું નહીં પણ વિવાહમાં જે કાંઈ વસ્તુઓ જોઈએ તે લઈ જાઓ ! પછી જિનદાસે વાસણ, વસ્ત્રો, ઘરેણાં, ધૂપ સુગંધી પદાર્થો વગેરે ઉત્તમ વસ્તુઓ આપી. આ સામગ્રીથી ભરવાડને ઘરે વિવાહ-ઉત્સવ ઘણો સારો થયો. લોકોમાં પણ તેનાં વાહ-વાહ-વખાણ થયાં.

આથી ભરવાડ અને ભરવાડણ જિનદાસ ઉપર ઘણાં ખુશ થયાં અને અતિમનોહર-મજબૂત કંબલ-શંબલ નામના ત્રણ વર્ષના બે વાછરડા શેઠને દેવા આવ્યાં. શેઠને તો પશુ નહિ રાખવાનો નિયમ હતો. તેથી ભરવાડને તે વાછરડા પાછા લઈ જવા ઘણું સમજાવ્યા છતાં તેઓ પરાણે બે વાછરડાને શેઠના આંગણે બાંધીને ચાલ્યા ગયા.

જિનદાસ શેઠે દયાભાવથી વિચાર્યુ કે **આ વાછરડાઓને છોડી મૂકીશ તો લોકો તેમને મારી, હળ વગેરેમાં જોડી દુઃખી કરશે માટે ભલે મારે ઘરે જ રહ્યા.** દયાળુ જિનદાસ શેઠ પ્રાસુક (અચિત્ત) ઘાસ અને પાણીથી બન્ને વાછરડાંનું પોષણ કરવા લાગ્યો.

જિનદાસ શ્રાવક આઠમ-ચૌદશ વગેરે **પર્વતિથિએ પોષહ લઈ ધાર્મિક પુસ્તકો વાંચતા તે સાંભળી તે બળદો પણ ભદ્રિક પરિણામી થયા.**

"સંગ તેવો રંગ" તે કહેવત અનુસાર **જિનદાસ શ્રાવકની જીવનચર્ચા જોઈ બળદ જેવા બળદો પણ ધર્મ પામી ગયા.** જે દિવસે શેઠ ઉપવાસ કરે તે દિવસે બળદો પણ ઘાસ પાણી વાપરે નહિ. શેઠ ઘાસ પાણી નીરે તો પણ વાછરડા ખાય નહીં. આથી શેઠે વિચાર્યુ કે... આટલા દિવસ તો મેં માત્ર દયાભાવથી બળદોને પોષ્યા પણ હવે તો મારા સાધર્મિક છે એમ વિચારી જિનદાસ શેઠ તેમનું બહુમાન કરવા લાગ્યા.

પુણ્યના યોગે તિર્યંચ ભવમાં પણ બળદોને જૈનધર્મ-વ્રત મળ્યાં. શેઠને સામાયિક અને **પુસ્તક વાંચવાનો સમય થાય એટલે બળદો પણ શાંતિથી બેસી જાય.** શેઠ ઉપવાસ કરે ત્યારે બળદો પણ ઉપવાસ કરે એમ નિત્યક્રમ થઈ ગયો.

એકવાર તે જ ગામમાં વાહનક્રીડાનો પ્રસંગ આવ્યો જિનદાસનો મિત્ર પૂછયા વિના તે બળદોને લઈ ગયો અને પોતાની ગાડીમાં જોડી સ્પર્ધામાં ઝડપથી દોડાવ્યા. વાહનક્રીડામાં બધાને જીતી લીધા. બહુ દોડવાની ટેવ ન હોવા છતાં દોડવવાથી બળદોના સાંધા તૂટી ગયા.


જિનદાસ જયારે ઘરે આવ્યા ઘાસ પાણી નીર્યા પણ બળદોએ ખાધું નહીં. બળદોનાં મુખ પહોળાં થઈને પડી ગયેલાં અને શ્વાસ ચડેલો જોઈ જિનદાસને દુઃખ થયું, આંખમાં આંસુ આવી ગયાં. **બળદોનો અંતિમ કાળ જાણી અણસણનાં પચ્ચક્ખાણ કરાવ્યાં,** નવકાર સંભળાવ્યા વગેરે જિનદાસે બળદોને નિર્યામણા કરાવી. શુભ ભાવ ભાવતાં બે બળદો મરીને નાગકુમારદેવ રૂપે કંબલ અને શંબલ નામે દેવ થયા.

પરમાત્મા મહાવીરપ્રભુને નાવમાં સુદંષ્ટ્ર દેવે ઉપસર્ગ કર્યો ત્યારે આ કંબલ શંબલ દેવો પૈકી એકે નાવનું રક્ષણ કર્યું અને બીજાએ પેલા દેવને ભગાડી મૂક્યો. પછી પ્રભુની ભક્તિ, પુષ્પ-વૃષ્ટિ કરી પોતાના સ્થાને ગયા.

બાળકો : ૧. **જિનદાસ શેઠની જેમ શુદ્ધ ધર્મક્રિયા કરવી જેથી આજુબાજુવાળા જીવો પણ ધર્મ પામે.**

૨. **રોજ વિચારવું કે બળદના ભવમાં પણ કંબલ શંબલ શાસ્ત્રશ્રવણ અને તપ કરતા હતા તો મનુષ્યભવમાં શા માટે ન કરવું**

૩. **પશુ-પંખી કે કોઈ પણ જીવ મરવાની તૈયારીમાં હોય તો નવકાર વગેરે સંભળાવવા તેથી તેમની સદ્ગતિ થાય.**



૭. દાનવીર જગડુશા

# દાનવીર જગડુશા

બાળ લેખક : નીલ પી. શાહ, અમદાવાદ

**દુનિયામાં દુકાળ પડે એટલે જગતના જીવો જગડુશાને યાદ કરે છે.** દરિયાખેડૂઓ પણ જગડુશાને યાદ કરે. જગડુશાના પિતા કચ્છના ભદ્રેશ્વર ગામમાં વસેલા. જગડુશાની માતા લક્ષ્મીબાઈના હૈયે દયા ધબકી રહી હતી. તે જ વારસો દીકરા જગડુમાં આવેલો. જગડુશાને દેશ-વિદેશમાં વેપાર ચાલતો હતો. દરિયામાં જગડુશાનાં જહાજો હંસની જેમ તરતાં હતાં. એક વખત સૌરાષ્ટ્રના દક્ષિણ કિનારે કોયલા પહાડીની નજીક એમનું જહાજ થંભી ગયું.

લોકોમુખે વાત મળી કે "મધ્યાહ્ન સમયે દેવીની દૃષ્ટિ જે જહાજ ઉપર પડે તે ભસ્મીભૂત થઈ જાય છે". જગડુશાએ ત્રણ ઉપવાસ કરી દેવીને પ્રસન્ન કરી અને આ સંહાર બંધ કરવાની દેવીને પ્રાર્થના કરી. દેવીએ મંદિરના ૧૦૮ પગથિયે ૧-૧ પાડો બલિ ચડાવવાની વાત કરી. જગડુશાહે ૧૦૬ પાડા લઈ દરેક પગથિયે ઊભા રાખ્યા અને પહેલે પગથિયે પોતે, બીજે પગથિયે દીકરાને ઊભો રાખ્યો. પહેલાં પોતાનો અને દીકરાનો બલિ આપવા તૈયાર થયા. ત્યાં જ દેવી હાજર થઈ. **જગડુશાના દયાભાવથી પ્રસન્ન થઈ સંહાર નહીં કરવાનું વચન આપ્યું.** આજે પણ ત્યાં દેવીનાં દર્શન પછી જગડુશા અને એમના પુત્રની આરતી ઉતારાય છે.

વિ.સં. ૧૩૧૧માં જગડુશા એક વખત આ.શ્રી પરમદેવસૂરિ મ.નું વ્યાખ્યાન સાંભળવા ગયા. દાન વિષે વ્યાખ્યાન આપ્યા પછી ગુરુદેવે જગડુશાને એકાંતમાં બોલાવી કહ્યું, **"જગડુ, તમારી સંપત્તિનો સદ્‌વ્યય કરવાનો ખરો પ્રસંગ તમારી સામે આવી રહ્યો છે. હવે ત્રણ વર્ષ ઉપરાઉપરી દુષ્કાળ આવશે.** તેથી બને તેટલું ધાન્ય ભરી રાખશો. એ ધાન્યથી દુષ્કાળમાં સહુને જીવાડશો. દયાનો આવો મહા મોકો મળવો મુશ્કેલ છે.

ગુરુદેવની વાણીથી જગડુશા દુઃખમિશ્રિત હર્ષ પામ્યા. દુષ્કાળમાં બિચારા જીવોની શી દશા થશે ? તેનું દુઃખ અને મને ગુરુદેવે પહેલાંથી એંધાણ આપી દીધો તેથી દુષ્કાળમાં સેવાની તક મળશે એમ જાણી જગડુશા કામે લાગી ગયા.


તે સમયે જગડુશાની દુકાનો સમગ્ર હિન્દુસ્તાનની ચારે દિશામાં ઠેર ઠેર વહેંચાયેલી હતી અને દરિયાપારના દેશોમાં પણ તેમની દુકાનો હતી. જગડુશાએ બધે જ અનાજ ભરી દેવાના ઓર્ડર મોકલાવી દીધા. દરેક જગ્યાએથી અનાજની ખરીદી ચાલુ થઈ ગઈ. ધાન્યનાં ગોદામો અને કોઠારો ભરાવા લાગ્યાં.

ધાન્યના દરેક કોઠાર અને ગોદામ પર જગડુશાએ એક તામ્રપત્ર લખાવ્યું. તેમાં ફક્ત આટલા જ શબ્દો લખ્યા હતા **"આ કણ ગરીબો માટે છે." જેના હૈયે દયા છે, તેના હૈયાંમાં દેવ વસે છે.**

ગુરુદેવે આપેલા એંધાણ મુજબ સળંગ ત્રણ વર્ષ હિન્દુસ્તાનમાં દુષ્કાળની આફત ઊતરી આવી. આ દુષ્કાળમાં જગડુશાએ ગુજરાત, સિંધ, મેવાડ, માલવા, કાશી, દિલ્હી વગેરે રાજ્યોમાં રાજાને અનાજ આપ્યું. **૧૧૫ જેટલી દાનશાળાઓ ખોલી, તેમાં દરરોજ પાંચ લાખ માણસોને ભોજન અપાતું.** આ દુષ્કાળમાં ચાર ક્રોડ નવ્વાણું લાખ અને ૫૦ હજાર મણ અનાજ ગરીબોને વિના મૂલ્યે વહેંચ્યું અને ૪।। કરોડ રૂપિયા નગદ ખર્ચ્યા. **રાજા-મહારાજાઓએ તેમને જગતના પાલનહારનું બિરૂદ આપ્યું.** આજે પણ મહાન દાનેશ્વરીને જગડુશાની ઉપમા અપાય છે.

બાળકો : ૧. **પૂર્વકાળમાં પોતાના પ્રાણના ભોગે પણ અહિંસા ધર્મ જીવંત રાખ્યો છે. આપણે પણ અહિંસા ધર્મમાં મજબૂત બનીએ.**

૨. **જગડુશા જેવી ઉદારતાનો ભાવ આપણાં અંતરમાં પ્રગટે તેવી ભાવના ભાવશો. થોડામાંથી થોડું પણ બીજાને આપી ઉદાર બનશો.**



૮. દાનનો પ્રભાવ

# દાનનો પ્રભાવ

લે. : બાલમુનિ અભિનંદન ચંદ્રસાગર

પૃથ્વીભૂષણ નગરમાં ગુણસાર નામે શેઠ હતા. તે ખૂબ જ લક્ષ્મીવાન તથા સત્વશાલી હતા. એક દિવસ માર્ગમાં તેને કોઈ મુનિરાજનાં દર્શન થયાં. તે દયાર્દ્ર મુનિએ ધર્મલાભ દઈને જીવાદિ નવતત્ત્વ અને ધર્મનાં ગૂઢ રહસ્યો સમજાવ્યાં. અને જૈનધર્મમાં દૃઢ કર્યો. ગુણસાર શ્રેષ્ઠી લક્ષ્મીવાન હોવા છતાં એકાંતરે ઉપવાસ કરતા હતા. શ્રાવકનાં બારવ્રત અંગીકાર કર્યાં હતાં. આમ કેટલાક દિવસ વ્યતીત થયા અને ધર્મકર્મમાં કુશળ થઈ ગયા.

કેટલાક સમય પછી પૂર્વે બાંધેલાં નિકાચિત કર્મના ઉદયે ચંચળ લક્ષ્મીએ પોતાના સ્વભાવ પ્રમાણે ત્યાંથી વિદાય લીધી. **સંપત્તિ વૈભવ સ્વભાવે ચંચળ છે ક્યારેય સ્થિર રહેતાં નથી.** ગુણસાર શ્રેષ્ઠી પણ અત્યંત ગરીબ થઈ ગયા. હવે તો ખાવાનાં પણ ફાંફાં થઈ ગયાં, છતાં શ્રેષ્ઠી ધર્મમાંથી ચલિત થયા નહિ. **આપત્તિમાં પણ ધર્મની શ્રદ્ધા પુણ્યશાળીને જ ટકી રહે છે.**

જગતનો નિયમ છે કે **"સ્ત્રીને દુઃખમાં પિયર યાદ આવે"** તે પ્રમાણે દુઃખથી કંટાળેલી પત્ની સુભદ્રાએ એક દિવસ ગુણસારને કહ્યું કે, હે સ્વામી ! ધન,સંપત્તિ, વૈભવ, ઈજ્જત, બધું ચાલ્યું ગયું છે. "નાણાં વગરનો નાથીયો, નાણે નાથાલાલ" જગતની એ કહેવત સાચી છે. પૈસા વિના જગતમાં કોઈ સગું રહ્યું નથી. કોઈ સામે પણ જોતું નથી. જીવન નિર્વાહ પણ થતો નથી, એક ટંક ખાવા માટે પણ ફાંફાં મારવાં પડે છે. હવે તો તમે મારા પિતાને ત્યાં જાઓ, તે એક જ રસ્તો છે. દીકરીનું દુઃખ પિતા તો ટાળે જ, તે અવશ્ય તમને ધન આપશે. તે ધનથી આપણે સુખેથી જીવન નિર્વાહ કરીશું. પત્નીની વાત સાંભળી, પણ **ઉત્તમકુળમાં જન્મેલાને આવા સમયે સસરાને ત્યાં જવું ઉચિત નથી.** તેથી ગુણસારની ઈચ્છા થતી નથી પણ વારંવાર પત્નીના આગ્રહના કારણે સસરાને ત્યાં જવા તૈયાર થાય છે. અઢી દિવસનો રસ્તો હતો. માર્ગમાં ઉપવાસનું પારણું કરવા ગોળ અને સાથવો (શેકેલો લોટ)પત્નીએ આપ્યો. સવારે પારણું કરી નીકળ્યા ને બીજે દિવસે ઉપવાસ કર્યો અને ત્રીજે દિવસે સસરાના ગામની નજીક નદીકિનારે પારણું કરવા બેઠા. **"ધર્મી તેને જ કહેવાય કે જેને હર ઘડી ધર્મ યાદ આવે".** નદીકિનારે પારણું કરતાં પહેલાં શેઠને વિચાર આવે છે કે "હું કેવો અભાગી છું કે સુપાત્રદાન પણ આપી શકતો નથી. કોઈ સાધુ મ.સા. આવી જાય તો મને લાભ મળે". એવામાં કોઈ માસક્ષમણના તપસ્વી સાધુને જોયા. એમને વહોરવા માટે વિનંતી કરી. મુનિએ નિર્દોષ આહાર જાણી થોડું વહોર્યું. **સુપાત્ર દાનનો લાભ મળવાથી ગુણસાર શ્રેષ્ઠી આનંદમાં આવી ગયા. રોમાંચ ખડાં થઈ ગયાં. મળેલા લાભને વારંવાર વાગોળવા લાગ્યા.** પારણું કરી શેઠ સસરાને ઘેર પહોંચ્યા. જમાઈનાં મેલાં ઘેલાં અને સાંધેલાં, ફાટેલાં કપડાં જોઈ, સસરાવાળા કોઈએ બોલાવ્યા નહિ. બધા જમાઈની પરિસ્થિતિ પારખી ગયા આથી સન્માન પણ ન કર્યું. જુઓ, લક્ષ્મીનું કેવું નાટક છે !

ગુણસાર શ્રેષ્ઠી સસરાના ઘરે પોતાની માનહાનિ થતી જોઈ એક દિવસ રોકાઈ બીજા દિવસે સવારે પોતાના ગામ તરફ જવા નીકળ્યા. માર્ગમાં સુપાત્રદાન દીધું હતું તે નદીકિનારે આવી ગુણસાગર શ્રેષ્ઠી વિચારે છે કે સસરાના ઘરેથી કશું જ મળ્યું નથી, પત્નીને આઘાત લાગશે. લાવને થોડા પથરા લઈ લઉં. પત્ની પોટલી જોઈ, શરૂઆતમાં હરખાશે, પછી શાંતિથી વાત કરશું એમ વિચારી થોડા પથરા કપડામાં બાંધી શેઠ ઘરે પહોંચ્યા.

દૂરથી પતિને આવતા જોઈ પત્ની ઊભી થઈ અને સામે લેવા આવી. પોટલી જોઈ એ હરખાતી હરખાતી વિચારવા લાગી કે જરૂર મારા પિતાએ ધન આપ્યું હશે. હવે જીવનમાં શાંતિ થઈ જશે. પતિને ઉપવાસનું પારણું હતું એટલે પહેલાં પારણું કરવા બેસાડ્યા પછી હરખાતાં હરખાતાં પૂછ્યું કે "મારા પિતાએ શું આપ્યું ?" શેઠ મૌન રહ્યા પણ અધીરાઈના કારણે પોટલી ખોલી. ખોલતાં જ તેમાંથી ઝગમગાટ કરતાં રત્નો નીકળ્યાં અને ખુશ થઈને કહેવા લાગી, "મેં તમને કહ્યું હતું ને જરૂર મારા પિતા તમને ધન આપશે."

થોડા સમય પછી શેઠે બધી વાત માંડીને કરી અને કહ્યું કે "તને દુઃખ ન લાગે તે માટે પથરા લીધા હતા પણ મુનિદાનના પ્રભાવે રત્નો થઈ ગયાં". પત્ની વાત સાંભળી આશ્ચર્ય પામી.... "સંસારની સ્થિતિ જ આવી છે" એમ વિચારી ધર્મ આરાધનામય જીવન બનાવ્યું.

બાળકો : **૧. કયારેક કરોડપતિ તો ક્યારેક રોડપતિ કર્મ જ બનાવે છે. તેવા સમયે દુઃખી ન થવું.**

**૨. સંસારમાં સર્વે સ્વાર્થનાં સગાં છે. ૩. તમે પણ રોજ સુપાત્ર દાન કરજો.**

**૪. કપરી સ્થિતિમાં પણ ગુણસારને સુપાત્ર દાનનો ભાવ થયો. દાનની વસ્તુ કરતાં ભાવની કિંમત છે.**

## સુકૃતના સહભાગી

# શ્રી સેટેલાઇટ શ્વે.મૂ.જૈન સંઘ સંચાલિત
# શ્રી જૈન પાઠશાળા

સ્થળ : આરાધના ભવન, શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન : ૨૬૭૬૬૨૧૨, ૨૬૭૬૯૬૪૯

આ પાઠશાળામાં...

- મહેસાણા પાઠશાળામાં તૈયાર થયેલ આધ્યપક દ્વારા ભણાવવામાં આવે છે.
- મોટી ઉંમરના બહેનો-ભાઇઓ-બાળકો તથા નાના ભૂલકાઓને ધાર્મિકજ્ઞાન આપવામાં આવે છે.
- ધાર્મિકપ્રવાસ, રવીવારીય વિશિષ્ટ કાર્યક્રમ તથા પ્રાસંગિક વિશીષ્ટ પ્રભાવનાઓના આયોજન થાય છે.

- અમદાવાદની પાઠશાળાઓના સર્વે શિક્ષક / શિક્ષીકાઓને બાળકોના જ્ઞાન - કલા વિકાસ અર્થે સંજયભાઇ કોઠારી તરફથી સમર્પણ
- શાહ કાન્તિલાલ અમૃતલાલ (ઉસ્માનપુરા) અમદાવાદ.

બાળકો...

આવી દીવાળી...!!! દીવાળી એટલે... જગતના સર્વજીવોને અભયદાન આપનાર અને આનંદ પમાડનાર પરમાત્મા મહાવીર પ્રભુનું મોક્ષ કલ્યાણક.

જે દીવસે પ્રભુએ સર્વ જીવોને આનંદ આપ્યો...તે જ દીવસે... પ્રભુના બાલ ભક્તો જીવોનો વધ, ત્રાસ, દુઃખ આપે...? જીવો મરે, ત્રાસ પામે, દુઃખ પામે તેવા ફટાકડા ફોડાય જ નહીં. ફોડવા હોય તો આપણા પાપ કર્મને ફોડવાના... જેથી ભવિષ્યમાં દુઃખો ન આવે.

ફટાકડાના બચેલા પૈસાથી ભગવાનની આંગી કરો, ભક્તિ કરો, મીઠાઇ લાવી ગરીબોને વહેશો, પંખીને ચણ નાખો, પશુઓને ઘાસ નાખો... દીવાળીમાં પણ જે ગરીબ બાળકોને મીઠાઇ નથી મળથી તેમની ઝૂંપડીઓમાં જઇ મીઠાઇ આપી બાળકોને ખૂશ કરો... ફટાકડા ફોડવાથી જીવોની વીરાધના થાય, જ્ઞાનની આશાતના થાય, બીજા ભવમાં ભણતાં પણ ન આવડે...

બાળકો... ભૂલે ચૂકે પણ ફટાકડા ફોડવાનું પાપ નહીં કરતા... બરાબરને ?

ANISH PRINTERS
Mobile : 98253 20461